# કાગળની નાવ - હેમંતી અનુભૂતિ

*એવું જાણી ગયો છે શું હેમંત?*
*કે અચંબામાં જાણકારો છે!*

'કાગળની નાવ' લઈને ગઝલની વૈતરણી પાર કરવા નીકળેલો હેમંત શું જાણી ગયો છે, એ તો જાણકારો કહેશે પણ એ ગઝલને ભાળી ગયો છે એટલું હું ખોંખારીને કહીશ. હેમંત વર્ષોથી ગઝલ ખેડે છે. તે ગઝલના શાસ્ત્રનો અભ્યાસુ છે અને ગઝલની નાડ નજાકતથી પકડે છે. ગુજરાતી ગઝલ કહેતી નવી પેઢીમાં અગ્રીમ પંક્તિમાં એ પ્રસ્થાપિત છે. ગઝલસંગ્રહ છપાવવાની ઉતાવળમાં મેં એને ક્યારેય જોયો નથી. આઈ.એન.ટી. દ્વારા શ્રેષ્ઠ નવોદિત ગઝલકારને અપાતો "શયદા પુરસ્કાર" ઈ.સ. ૨૦૧૮માં મળ્યાના બે વર્ષ પછી નિરાંતે 'કાગળની નાવ' નામે પ્રથમ ગઝલસંગ્રહ લઈને એ આવે છે. હેમંતે ખેડેલું છંદવૈવિધ્ય અને કાફિયાનું ચયન આ ગઝલસંગ્રહને કસદાર બનાવે છે. કવિનો આ પ્રથમ ગઝલસંગ્રહ છે એવું ક્યાંયે ભાસતું નથી; એ જ એની ઉપલબ્ધિ. એ ભલે કહેતો કે...

*રદીફ, કાફિયા, છંદ ફાવી ગયા*
*ગઝલમાં હજુ એવી ફાવટ નથી*

જોકે, હેમંતને ગઝલ ફાવી પણ અને ભાવી પણ. એટલી ફાવી કે એ મરાઠીમાં અને ગુજરાતી બંને ભાષામાં ગઝલ કહે અને ઉભય ભાષામાં ગઝલનો અનુવાદ પણ કરે. બંને ભાષામાં ગઝલ કહી શકે એવા ગઝલકારો એક આંગળીના વેઢે ગણી શકાય એટલા છે, હેમંત તેમાંનો એક છે.

હેમંતનું હાડોહાડ ગુજરાતીપણું જ આવો શેર લખાવે છે :

*ભલે બહાર અનુ-ગોધરાથી વગોવાય*
*જીવાડે છે ગુજરાત સંજાણ ભીતર*

હેમંત શબ્દ-ચિત્રકાર છે. દર્શક અને દશ્યનું પરસ્પર અવલંબતું અસ્તિત્વ આ રીતે ચિત્રિત કરે છે :

*કંઈ નથી જ્યાં સુધી કોઈ જોતું નથી*
*એક દર્શક વગર દશ્ય બનતું નથી*

હેમંત ટૂંકી અને લાંબી બંને બહેરમાં ગઝલ કહે છે. કોઈ ચોક્કસ ઢાંચામાં રહેવું એને ફાવતું નથી. તખલ્લુસનો વાપર એ જવલ્લે જ કરે છે, એમાંયે કોઈવાર મક્તાને બદલે એ મત્લામાં તખલ્લુસ લાવે અને ગઝલની રીત બદલે પણ ખરો.

*ડર ન હેમંત રીત બદલવામાં*
*બેધડક નામ લઈ લે મત્લામાં*

ગઝલને બોલચાલની ભાષા માફક આવે છે.

*મારી ગરબડનો એમાં ફાળો છે*
*પણ જગત જૂનો ગોસ્-મોટાળો છે*

બોલચાલની ભાષામાં વપરાતો 'ગોસ્-મોટાળો' શબ્દ ગઝલમાં આ પહેલાં આવ્યાનું મને યાદ નથી.

ગઝલમાં અંગ્રેજી, ઉર્દૂ કે હિન્દી શબ્દો વાપરવામાં એને કોઈ છોછ નથી.

*તું પોતાને રોકીને ઊભો છે બસ!*
*જગતમાં બીજી કંઈ રુકાવટ નથી*

*પછી ચડજે ટોચે, તું પહેલાં તપાસ*
*કે મૂલ્યોમાં કોઈ ગિરાવટ નથી*

*ગૅરંટીથી તારો અહીં ડૂબવાનો ડર નથી*
*ખાબોચિયાની ઍડ બીજું શું બતાવશે*

'ફિટ ન બેઠા કોઈ દ્રષ્ટિકોણમાં' અથવા 'બહુ સિરિયસલી ના લેતી મને કે' – આવા અનેક શેર આપણને મળી આવે જેમાં અન્ય ભાષાના પણ હાલની ગુજરાતી ભાષામાં બોલાતા શબ્દો નજરે ચડે.

હેમંતની ગઝલોમાં સામાજિક-રાજકીય સાંપ્રત સમસ્યાઓ અંગેની નિસ્બત છે. તેમાં કેટલાય કહેવાતા બુધ્ધિજીવીઓ અને માનવાધિકારને નામે લોલમલોલ ચલાવતા તકવાદીઓ માટે વેધક પ્રશ્નો છે.

*ફ્રીડમ ઓફ એક્સપ્રેશનનું શું કરશે?*
*જેને બે ટંકના ય ફાંફાં છે*

*એ શું આધાર હવે કોઈને આપી શકશે?*
*ટેકા લઈ-લઈને જે સરકાર ચલાવો છો તમે*

(આમાં ‘લઈ-લઈ’ ની દ્વિરોક્તિ ભાવને દ્વિગુણિત કરે છે.)

*નાહક હણે જે માનવ*
*એના શું માનવી હક?*

હેમંતી-બાની શ્રોતાને ગલગલિયાં કરાવતી નથી પણ તેના ભાવકને વિચારવા પ્રેરે છે. અનેક શેરમાં પ્રગટેલો કવિના અંતરનાદ પર ચડેલો ઇશ્કે-હકીકીનો રંગ કવિના મિજાજના મૂળ પોતનો દ્યોતક છે.

*નકામો છે આખા જગત પરનો કાબૂ*
*પ્રવર્તે છે જો અન્યની આણ ભીતર*

*બંધિયાર જગા છે, જરી વિસ્તાર કરી દે*
*મારી આ દીવાલોથી મને પાર કરી દે*

*પ્રશ્ન આ કેવા પૂછી બેઠો ઘડો?*
*કોણ છે કુંભાર? ક્યાં છે ચાકડો?*

હેમંતની ગઝલમાં ઇશ્કે-મિજાજીના રંગોની છોળો પણ ઊડે છે અને વાચકને ભીંજવે છે.

*એના તનનો સપ્તરંગી ભેદ ઊઘડ્યો*
*નભમાં નહાઈ-ધોઈને તડકો પડ્યો છે*

*આપને ભીંજાવવાના કોડ છે*
*વાદળોમાં વર્ષવાની હોડ છે*

*‘જાવ ને!’ હોઠથી કહે છે, પણ*
*એની આંખોમાં આવકારો છે*

હેમંતની ગઝલનું કવિકર્મ ઊડીને આંખે વળગે છે. એની હમરદીફ-હમકાફિયા ‘જોઈ લીધી ખુશી વ્યથા વેઠી’ ગઝલ આગળ રોકાઈ જવા જેવું

ખરું હોં! એ પાંચ શેરની ગઝલમાં ત્રણ વાર "બેઠી' કાફિયા લઈ આવે એ પણ ત્રણેય વાર જુદા અર્થસંદર્ભો સાથે.

*જોઈ લીધી ખુશી, વ્યથા વેઠી*
*તોય ક્યાં જિંદગીની ગડ બેઠી*

*સૌનાં જીવનનાં પ્રશ્નપત્ર અલગ*
*એમાં ચાલે નહીં નકલ બેઠી*

*હું જ્યાં બે પાંદડે થયો ન થયો*
*ઋતુ બદલાઈ પાનખર બેઠી*

હેમંતની અન્ય એક 'નજર' રદીફ ધરાવતી ગઝલ (૧૬) પર પણ નજર નાખવા જેવી છે બે-ત્રણ સાની મિસરા હેમંતની ઝીણી નજરની સાહેબી પૂરશે.

*'મળી છે જ્યારથી દિલ પર કરે છે રાજ નજર'*
*'ખબર પડે જો મિલાવે એ ચાલબાજ નજર'*
*'કે ચહેરો દૂરથી વાંચે છે એની બાજનજર'*
*'જો હોત તો હું કરી દેત તખ્તોતાજ નજર!'*

અહીં 'નજર' રદીફના જુદા જુદા અર્થોનું નજરાણું કવિ વાચક સામે ધરે છે.

*કલાપીથી અનિલપર્યંત સૌને વાંચ્યાં છે હેમંત*
*છતાં ગઝલોમાં હું પોતાની બાની લઈને આવ્યો છું*

એવું કહેનાર હેમંતે પોતાની બાની વિકસાવી જ છે. પોતાના જ વિવિધ શેર દ્વારા સહેતુક પૂર્વસૂરીઓને યાદ કરવાની ગઝલમાં પરંપરા પણ રહી છે. તેને હેમંત અનુસર્યો પણ છે. જેમ કે,

'ક્યાં કહું છું કે ફૂલ છાબ આપો' કહી ને

'હું ક્યાં કહું છું આપની હા હોવી જોઈએ?' કહેતા મરીઝને યાદ કરી લે.

"તમે પણ શૂન્ય થઈ જાઓ" કહેતા 'શૂન્ય' પાલનપુરીને

*શૂન્યમાંથી બન્યો છું હું 'હેમંત'*
*શૂન્ય બનવા પ્રયાસ ચાલે છે*

કહીને પ્રતિભાવ આપે તો કેટલાક ઇંગ્લીશ મિશ્રિત ગુજરાતી શેરમાં ગુજલીશી ગઝલકાર અદમનો રંગ ઓઢે.

*રમૂજના ચકચકિત રૅપરમાં વીંટી*
*હૃદયમાં ઊઠતા સણકાય કહું છું.*

આ વાંચ્યા પછી મનમાં ચાર્લી ચેપ્લીનનું વેદનાભર્યું સ્મિત ઘૂંટાય છે.

જો કે કેટલીક જગ્યાએ અમુક શબ્દો કઠે પણ છે. 'મુજ' અને 'તુજ' જેવા શબ્દો હાલની બોલાતી ગુજરાતીમાં નથી વપરાતા.

*મુજ શબ્દ સૌ એળે ગયા*
*તુજ મૌન નીવડ્યું કારગત!*

પણ જ્યારે સચરાચરમાં વ્યાપ્ત હવાને હેમંત ધરાર ગુપ્તચર કહે ત્યારે મોજ આવી જાય.

*મિલન આપણું ક્યાં છૂપું રહી શકે છે?*
*હવા પણ હવે ગુપ્તચર થઈ ગઈ છે*

'કાગળની નાવ' સાથેનું વાચકોનું મિલન હેમંતને અપાર સફળતા અપાવે એવી શુભેચ્છા. સંગ્રહ સફળ થશે જ કારણ કે એની ગઝલોમાં ખરાઈ છે, બનાવટ નથી. હેમંત સ્વભાવે નમ્ર છે. સ્વભાવવશ એ ભલે કહેતો...

*હો પુરાવો તો કર રજૂ હેમંત*
*અહીં નથી પૂરતું ખરા હોવું*

હેમંતને હવે કોઈ પુરાવાની જરૂર નથી. ગુજરાતી ગઝલમાં 'કાગળની નાવ' એ લાંગરી ચૂક્યો છે.

**મકરંદ મુસળે**

*માર્ચ, ૨૦૨૦, વડોદરા*

# પ્રસ્તાવના - 'કાગળની નાવ'

હું જો ભૂલતો ન હોઉં તો ૨૦૧૦ની સાલમાં, કોઈ ગુજરાતી બ્લૉગ ઉપર, એક ગઝલ મારા વાંચવામાં આવેલી. એનો મત્લા કંઈ આમ હતો :

***કાબૂ રહ્યો છે ક્યાં હવે દિલના સુકાન પર?***
***આવી ચડે છે નામ એ મારી જુબાન પર***

કવિનું નામ હતું હેમંત પુણેકર'– તદ્દન નવું નામ. આવા ઉસ્તાદાના છંદમાં, આવી સફાઈદાર, શરિયતસભર ગઝલ કહેનાર આ નવો કવિ છે કોણ? એવા કુતૂહલથી પ્રેરાઈને મેં હેમંતની ઈ-મેલ આઈડી અને એનો નંબર મેળવ્યાં અને એનો સંપર્ક કર્યો. આ રીતે સ્થપાયેલો સંપર્કનો સેતુ આજ સુધી અકબંધ રહ્યો છે.

હેમંત પુણેકર આમ તો મૂળ વડોદરાનો. વ્યવસાય નિમિત્તે હોય કે કદાચ પોતાનું નામ સાર્થક કરવા માટે હોય, પણ એનો વસવાટ અત્યારે પુણે ખાતે છે. યોગાનુયોગે આ મારાથી તદ્દન વિપરીત છે. મારો જન્મ પુણેનો અને મારું સ્થાયી વાસ્તવ્ય વડોદરામાં.

આમ પણ વડોદરા અને પુણેનો કંઈક વિશિષ્ટ ઋણાનુબંધ હોય એવું જણાય છે. કિરાણા ઘરાણાના વિખ્યાત ગાયિકા હીરાબાઈ 'બડોદેકર' હોવા છતાં એમની કર્મભૂમિ પુણે રહી. એ ન્યાયે હેમંત પુણેકરે વડોદરાને પોતાની કર્મભૂમિ બનાવવી જોઈતી હતી. કદાચ વહેલી મોડી બનાવે પણ ખરો. પણ બહુ મોટા ગજાના પ્રતિભાવંતોને વડોદરા માફક આવતું નથી એ પણ એટલું જ ખરું. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા અજોડ સ્વરકાર શ્રીનિવાસ ખળે પણ મૂળ વડોદરાના; પણ નામ, યશ, કીર્તિ – આ બધું એમને મળ્યું એ મુંબઈ સ્થાયી થયા પછી.

ગઝલ; પછી એ ગુજરાતી ગઝલ હોય, ઉર્દૂ ગઝલ હોય કે મરાઠી, હેમંતને એ કાવ્યપ્રકાર માટે જ ખૂબ પ્રેમ. ગઝલ માટેની એની નિસ્બત અને એનો અભ્યાસ ઊડીને આંખે વળગે એવા છે. પુણેમાં સ્થાયી થયા પછી હેમંત ઘણા મરાઠી ગઝલકારોના સંપર્કમાં આવ્યો. એને એવું જણાયું કે આ ગઝલકારો કામ તો ખંતથી કરે છે પણ એ હજી ગઝલના હાર્દને પકડી શકતા નથી. તેણે આ

વાત મને કરી. હું તો છેલ્લા કેટલાય વર્ષોથી આ જોતો જ આવ્યો હતો, એટલે મને એની વાતમાં તરત રસ પડ્યો. મરાઠી ગઝલકારો ક્યાં થાપ ખાઈ રહ્યા છે એ વિશે અમે સોશિયલ મીડિયા ઉપર લખવાનું શરૂ કર્યું અને એના અનુકૂળ અને પ્રતિકૂળ પ્રતિભાવો પણ ઘણા આવ્યા. એકંદરે અમારા મત વિશેની એક ચર્ચા છેડાઈ ગઈ અને મરાઠી ગઝલકારો એ દિશામાં વિચાર કરતા થયા એ જ ઉપલબ્ધિ.

એકવાર વ્યવસાયિક કામ માટે મારે જ્યારે પુણે જવાનું થયું ત્યારે મેં હેમંતને આગોતરી જાણ કરી અને હેમંતે પુણેના મરાઠી ગઝલકારો સાથે મારી મિટિંગ યોજી. એ મિટિંગમાં ચિત્તરંજન ભટ્ટ (વિખ્યાત મરાઠી ગઝલકાર સ્વ. સુરેશ ભટ્ટના ચિરંજીવ), વૈભવ દેશમુખ, શુભાનન ચિંચકર અને બીજા કેટલાંક મરાઠી ગઝલકારોએ હાજરી આપી. મારી વાત ધ્યાનપૂર્વક સાંભળી લેવાયા પછી ઘણા મુદ્દાઓ ઉપર વસ્તુનિષ્ઠ ચર્ચા પણ થઈ. કેટલાંક મુદ્દા ગળે ઊતરવા છતાં મરાઠી ગઝલ માટે આ જરા વહેલું છે એમ કહીને એમણે ટાળ્યા તો અમુક મુદ્દાઓ સ્વીકારીને કેટલાક મરાઠી ગઝલકારોએ એમનો અમલ પણ શરૂ કરી દીધો. આ જે કંઈ થોડીઘણી ઉપલબ્ધિ છે એનું સંપૂર્ણ શ્રેય હેમંતને જાય છે.

હેમંતે ગુજરાતી ગઝલમાં તો કામ કર્યું જ છે, પરંતુ મરાઠી ગઝલકારોને મદદ કરવાની એની પહેલ ઉપરથી એની ગઝલ પ્રત્યેની નિષ્ઠા અને ધગશ દેખાઈ આવે છે. કવિની આટલી વધારાની ઓળખ ભાવકને હોય તો આ સંગ્રહના અંતરંગમાં પ્રવેશવામાં સહેલાઈ રહે, એમ માનીને આ થોડી વાત કરી.

‘કાગળની નાવ’ હેમંત નો પ્રથમ ગઝલસંગ્રહ છે એ ખરું, પણ હેમંત નવોદિત કવિ નથી. કાચીપાકી ૭૦-૮૦ રચનાઓ ભેગી થાય એટલે તરત જ સંગ્રહ પ્રકાશિત કરીને કવિ થઈ જવાના અભરખા આજકાલના નવોદિત કવિઓમાં સામાન્ય છે. હેમંત આવા અભરખાથી દૂર રહ્યો અને એના પરિણામે એક સરસ કહી શકાય એવો આ સંગ્રહ ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થયો.

હેમંતની ગઝલ વિશે વાત કરીએ તો એની મુખ્ય ખાસિયતો બે. પહેલી ખાસિયત એટલે એનું છંદોનું ખેડાણ. ઘણા મોટા ગણાતા ગઝલકારોને પણ હજી જે છંદોમાં ફાવતું નથી એવા ઉસ્તાદાના છંદોમાં હેમંતે લીલયા કામ કર્યું છે. અને બીજી ખાસિયત હેમંતે પ્રયોજેલા કાફિયા.